## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

**સલામી સવારની..**

સૂર વિરોધનો, એમની વાતમાં ય કૈંક માલ છે,
શિયાળવાંના શરીર પર વનરાજની ખાલ છે,
ચાલ છે નાણાની બધી, ખરીદાઇ જાય ખેરખાંઓ -
"જાણે ન કોઇ જાનમાં, હું લાડાની ફોઇ" નો તાલ છે
(ભાજપ માં જ વિરોધ)

**હાઇકુ**

ચીટકી બેઠા,
ગુન્હેગાર 'બાબુ'ઓ -
સત્તાલયમાં..

લૂંટો અને ખૂન!
'આપણું ગુજરાત'
થૈ ગ્યું બિહાર..

### ચિંતન

**ખલોલ્લોપાઃ સોઢાઃ કથમપિ નદારાધનપતયા નિગૃહ્યાન્તર્બાષ્પં હસિતમપિ શૂન્યેન મનસા ।**
**કૃતશ્ચિત્ત સ્તંભઃ પ્રતિહતધિયામંજલિરપિ ત્વમાશે મોઘાશે કિમુ પરમિતો ર્નતર્યાસિ મામ્ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'તૃષ્ણા-નિંદા'નો આ શ્લોક છે :

અરે! મેં ખલ-કપટી લુચ્ચા જનોનાં મિથ્યા-હલકાં વચનો-બોલને પણ સહન કરી લીધાં છે, વળી એવા લોકોને ખૂશ કરવા મેં મારાં આંસુ-વ્યથાને અંદર છૂપાવીને પણ શૂન્ય મનથી-દાંભિક મનથી હસી પણ લીધું છે. મારા ચિત્તનો વેગ-આવેગ-ઉમંગો-ઇચ્છાઓ રોકીને પણ બુદ્ધિ રહિત બાદશાહ જેવા નેતા-અધિકારીઓને પણ બે હાથ જોડી વંદન પણ કર્યા છે તો પણ, હે નિષ્ફળ આશા! હજુ પણ તું શા માટે નચાવે છે?'

માણસને જયારે જે ભાગ્ય વસાત્ મળ્યું છે એમાં સંતોષ ન રહેતાં હજુ વધારે પ્રાપ્ત કરવાની મમતા-માયા જાગે છે. ત્યારે માન-સ્વમાન-આત્મગૌરવ ભૂલી જઇને ખરાબ-કપટી-લુચ્ચા ગેંગલીડરોને પણ 'સાહેબ' 'જી'-'જી' કરીને નમવું પડે છે, એવા લોકોને ખૂશ કરવા ન ગમતાં, હૃદયમા વ્યથા થાય એવાં કાર્યો કરવાં પડે છે. સત્યને દાબી દઇ દંભથી પ્રેમ કરવો પડે છે. મને-કમને પણ અધિકારીની ઇચ્છાને તાબે થઇ, હસતું મોઢું રાખી, અનુસરવું પડે છે. વંદના કરવા પડે છે.

નિષ્ફળ આશા-સ્વાર્થને સાચવવા આત્માને ખોટી જગ્યો નચાવવો પડે છે.

### સુવિચાર

- પાપી પર ઘૃણા ન રાખો, તેના પાપ પર ઘૃણા રાખો, કારણ કે તમે ખુદ પણ સંપૂર્ણ નિષ્પાપ તો નહીં જ હોવ - **માનસશાસ્ત્ર**
- વિચાર શૂન્યતા આજના યુગની સામાજિક આપત્તિ છે - **સંત રોબિન**
- સંબંધો અને સંજોગો ઋતુ જેવો હોય છે... તે બદલાતા રહે છે- **કાકાસાહેબ કાલેલકર**
- અહંકાર જેટલો મોટો એટલો આત્મા દબાઇ જાય છે - **મનુસ્મૃતિ**
- સમસ્યાઓ બીજું કંઇ નથી, એ તો સર્જનાત્મક બનવા માટે ઇશ્વરે આપેલી એક તક છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જે ધર્મ મનુષ્યને સરળ કરી નાખે તે ઊંચામાં ઊંચો ધર્મ છે - **ઝેન કથન**
- 'નિરાંત' બજારમાં વેચાતી નથી મળતી એ 'ચિંતન' થકી મળે છે - **પૂજ્ય મોટા**

### બોધ કથા

'શિક્ષણ' એ માત્ર 'ડીગ્રી'નો વિષય નથી. શિક્ષણથી સેવાભાવ-વિનય-વિવેક આવે ત્યારે જ 'શિક્ષણ' મળ્યું કહેવાય.

ત્રણ રાજકુમાર, અરૂણ, વરૂણ અને કરૂણ એક ઋષિના આશ્રમમાં શિક્ષણ પ્રાપ્ત કરવા રહ્યા હતા. વિદાયનો સમય થયો. દર વર્ષે એક કુમારને રજા આપવાની હતી.

સંતે કહ્યું મારી કસોટીમાંથી જે ઉત્તીર્ણ થશે એને પ્રથમ રજા મળશે... ત્રણે રાજકુમાર સામાન સાથે તૈયાર હતા. સંતે આશ્રમના દરવાજા પાસે બાવળના નાના-નાનાં કાંટા પાથરી દીધા હતા.

પહેલાં અરૂણ આશ્રમમાંથી બહાર આવ્યો. બે-ત્રણ કાંટા ચૂભ્યા પણ જેમ તેમ બહાર આવી ગયો.

આ જોઇ, વરૂણ થોડું પાછળ ચાલી, ઝડપથી દોડી કાંટાવાળો વિસ્તાર કૂદી ગયો.

કરૂણે આ બંનેની હાલત જોઇ - પોતાના સામાન પડખે રાખી આવરણો ઉપાડી બધા કાંટા વાળીઝૂડી નાખ્યા અને રસ્તો સાફ કરી નાખ્યો પછી બહાર આવ્યા અને કહ્યું, સેવાનું શિક્ષણ માત્ર કરૂણે જ પચાવ્યું છે - પ્રથમ એને રજા મળશે.

Email - sureshchandrabhatt18@gmail.com

# સુપ્રીમ કોર્ટનાં બે લેટેસ્ટ ચુકાદા : તર્ક વિરૂદ્ધ તર્ક

**કોફી હાઉસ**
- ઉત્સવ પરમાર

ચીફ જસ્ટીસ ઓફ ઇન્ડિયા, અલ્તમસ કબીર નિવૃત્ત થયા અને જતાં પહેલાં બે ચુકાદા આપતા ગયા. પહેલો ચુકાદો ડાન્સ બાર પરનાં પ્રતિબંધનો ઉઠાવી લેવાનો હાઇકોર્ટનો નિર્ણય બરકરાર રાખતો ચુકાદો અને બીજો અખિલ ભારતીય સ્તરની NEET નેશનલ એલિજિબિલીટી એન્ડ એન્ટ્રેન્સ ટેસ્ટને રદ કરતો ચુકાદો. સુપ્રીમ કોર્ટનાં બંને ચુકાદાઓ જનતાની દૃષ્ટિએ વિવાદાસ્પદ બન્યા.

ડાન્સ બાર્સ... મુંબઇની માયાનગરીને વધુ માયાવી બનાવી દેતી જગ્યા. જેના પર બોમ્બે પોલીસ એક્ટ, ૧૯૫૧, સેક્ટન ૩૩-એ નીચે મહારાષ્ટ્ર સરકારે પ્રતિબંધ મૂક્યો હતો પણ આ ફરમાન ફક્ત થ્રી સ્ટાર્સ હોટેલથી નીચેની હોટેલ, રેસ્ટોરાં કે બીયર બાર પર જ લાગુ થતો હતો. અર્થાત્ કાયદાની દૃષ્ટિએ આ પ્રકારના બાર થ્રી સ્ટાર્સ કે તેથી ઉપરની હોટેલમાં ફક્ત 'મનોરંજન' છે જયારે તેની નીચેની હોસેલ્સમાં નૈતિકતાનો પ્રશ્ન... મહારાષ્ટ્ર સરકારની આ તર્કહીનતા સુપ્રીમ કોર્ટને નાગવાર ગુજરી. બંધારણની કલમ ૧૯(૧) (જી) નીચે ડોક્ટરની માંડીને કચરા વીણવા સુધીનો વ્યવસાય કરવો એ માણસનો 'મૂળભૂત' અધિકાર છે.

નૈતિકતાની કોઇ વ્યાખ્યા થઇ શકે ખરી? મુંબઇ જેવા અમીરી ધરાવતા ગરીબ શહેરની ૭૫,૦૦૦ જેટલી છોકરીઓ રાતોરાત બેરોજગાર થઇ ગઇ... પેલી બીના શોખથી નથી નાચતી, એનો ભઇલુ હાઇસ્કૂલ કરે છે, માને ટી.બી. થયો છે ને બાપ મરી ગયો છે. ગલીમાં રોજ સંકોચાતા ઘરનું છાપરૂં તૂટવા આવ્યું છે... બીના શોખથી નથી નાચતી... એને નાચવું પડે છે!! જો ડાન્સ બાર બંધ થઇ ગયા તો બીના જેવી મોટા ભાગની છોકરીઓની જિંદગી રેડલાઇટ એરિયાનાં અંધારાની મોહતાજ બની જાત...!! એ તર્ક સાથે સંપૂર્ણ સહમતી કે આ રીતે દારૂ પીધેલા પુરૂષો સામે નાચવું એ કમાવવાનો કે જીવવાનો ગદાભર્યો રસ્તો નથી... પણ

**સુપ્રીમ કોર્ટનાં મતાનુસાર મેડિકલ કાઉન્સિલ ઑફ ઈન્ડિયાનું કાર્ય ફક્ત તબીબી શિક્ષણનાં ન્યૂનત્તમ ધોરણો જાળવવાનું જ છે, તે પ્રવેશ પરીક્ષાઓને નિયમિત તેમજ નિયંત્રિત કરી શકે છે પરંતુ પરીક્ષા ગોઠવવાની સત્તા તેની પાસે નથી**

જેટલાં રાજયો એટલી પરીક્ષાઓ, જેટલી યુનિવર્સિટીઓ એટલી પરીક્ષાઓ... રાજસ્થાનનાં ડોક્ટર બનવા ઉત્સુક છોકરો પહેલાં અઠવાડિયે કોલકાત્તા માટે ટ્રેન પકડે છે, કામ એક રવિવારનું છે - કદાચ બે-ત્રણ કલાકનું પણ તેની સફર દિવસોનાં હિસાબે કપાય છે. પછીનાં રવિવારે એને મુંબઇ જવાનું છે... ડોક્ટર બનવાનો એક પણ મોકો તે છોડવા નથી માંગતો... પરીક્ષાઓ આપવા માટે આવવા - જવામાં જ એ ઘણો ખર્ચાઇ જાય છે... સારૂં છે કે તેના બાપા એટલું કમાય છે કે ટ્રેનની ટિકીટો ખરીદી શકે, બાકી કેટલાંકનાં નશીબમાં બહુ ઓછા પરીક્ષાનાં ફોર્મ લખાયા હોય છે... તકદીર અને તકોનો અભાવ નસીબની દિશા વાળી દે છે...

વળી, અલગ - અલગ રાજયોની - પ્રાઇવેટ કોલેજોની પ્રવેશ પરીક્ષાઓ સંલગ્ન પ્રદેશનાં રાજકીય લાભો તથા વગદાર વ્યક્તિઓની અનુકૂળતાને એક પરિમાણ તરીકે ધ્યાનમાં રાખીને લેવાતી હોય છે. બે-ચાર નામો તો તમારી સ્મૃતિમાંથી જ ઝળક્યા હશે...

આ ફેક્ટરી છે, જેમાં પાંચ વર્ષને અંતે પૈસાનું ખાતર કરીને પૈદા થયેલો મોંઘાદાટ ડોક્ટર "બજાર"માં પડે છે અને પછી ખર્ચો "વસૂલ" કરે છે. આવા કેટલાંક બેકફૂટ-ડોક્ટરો હોસ્પિટલને શરાફની પેઢી સમજીને કામ કરે છે. આજે ભારતને રોજે દસ લાખ લાખ ડોક્ટરો અને વીસ લાખ હોસ્પિટલ બેડ્સની જરૂર છે... હા... દસ લાખ ઇમાનદાર ડોક્ટરોની...!!

NEET દેશ પાસે એક મોકો હતો, જયાં ઓલિજિબલ અથવા યોગ્યતા પ્રાપ્ત વિદ્યાર્થીઓની એક નેશનલ પુલ તૈયાર કરી શકાય તેમ હતો. સીટોનાં બ્લેક માર્કેટ ફોર્સીસ નિયંત્રિત થઇ શકે તેમ હતા. નોર્થ-ઇસ્ટ કે જમ્મુ-કાશ્મીર જેવા રાજયમાં રહેતા વિદ્યાર્થી માટે દેશભરની મેડિકલ કોલેજનાં દરવાજા એક જ ચાવી વડે ખુલી શકે તેમ હતા... પણ સુપ્રીમ કોર્ટનાં ચુકાદાએ તેનાં પર તાળું મારી ચાવી ફેંકી દીધી...!!







ઝૂંપડપટ્ટીઓમાં પોતે કે પોતાનાં કુટુંબને ભૂખે મારવા કરતાં... જીવનને એક તક આપવી સારી!! ભારત જેવા લોકતંત્રમાં ઘણીવાર આવા નિર્ણય પણ લેવા પડે છે... સુરક્ષા અને નિયંત્રણ એ સરકારી "નૈતિકતા" જવાબદારી છે, એ વાત ચોક્કસ!

હવે વાત બીજા ચુકાદાની... NEET. અથવા દેશમાં મેડિકલ કોલેજોનાં જાળા પથરાઇ રહ્યા છે, અલબત્ત આ કોલેજો સરકારી નથી પણ પ્રાઇવેટ માલિકીની છે. એક મેડિકલ એજ્યુકેશન ઇન્ડસ્ટ્રી ચાલે છે. સીટોના ભાવ ચાલે છે, અમીર મા-બાપોનાં ચિપ્સનાં પેકેટ જેવા ફૂલી ગયેલા છોકરાઓનાં માથે "ડોક્ટર"નું સ્ટીકર ચોંટાડવા આ ઇન્ડસ્ટ્રી પરસેવા સિવાય પણ બીજું ઘણું બધું પાડે છે. ફાઇનાન્શિયલ સસ્ટેઇબિલીટીનાં નામે લેવાતી ઊંચી ફી, ટેબલ નીચેની ગેરકાયદે સરકતી કેપિટેશન ફી... મેડીકલ એજ્યુકેશનનો વેપાર ચાલુ છે... બટાકા-ડુંગળીઓનાં માર્કેટની જેમ...!!

સુપ્રીમ કોર્ટનાં મતાનુસાર મેડિકલ કાઉન્સિલ ઓફ ઇન્ડિયાનું કાર્ય ફક્ત તબીબી શિક્ષણનાં ન્યૂનત્તમ ધોરણો જાળવવાનું જ છે. તે પ્રવેશ પરીક્ષાઓને નિયમિત તેમજ નિયંત્રિત કરી શકે છે પરંતુ પરીક્ષા ગોઠવવાની સત્તા તેની પાસે નથી. બીજું, શિક્ષા એ સમવર્તી સૂચિનો વિષય હોઇ, રાજયની સ્વાયત્તતા પર અસરકર્તા છે અને ત્રીજું, સાંસ્કૃતિક, ધાર્મિક તેમજ અલ્પસંખ્યક સંસ્થાઓને બંધારણની કલમ ૨૯-૩૦ નીચે શૈક્ષણિક સંસ્થા સ્થાપવાનો તેમજ તેનો 'પોતાની રીતે' વહીવટ કરવાનો અધિકાર છે. આ ત્રણ મુદ્દાઓનાં આધાર પર સુપ્રીમ કોર્ટે આ ચુકાદો જજોની ૧ વિરૂદ્ધ ૨ની બહુમતિથી આપ્યો...

ખેર વિધિ દ્વારા સ્થાપિત બંધારણીય પ્રક્રિયાઓ કયારેક સામાન્ય તર્કની વિરૂદ્ધ જતી રહે છે.... પણ આ ભારત છે... ચાલે છે... ને ચાલતું રહેશે...!! બોલો ભારત માતા કી...

- ch9723367947@yahoo.com

# નયનાને આવી રીતે ફસડાઇ પડતાં જોતા, નિલેષના માતૃશ્રી-પિતાશ્રી નયના પાસે આવે છે અને પુછે છે કે શું ફોન હતો ? નયના ભગ્ય હૃદયે આવેલ સમાચારની જાણ કરે છે, આ સાંભળી બંને જણાં ગુસ્સે થાય છે

## ભાગ્ય ન જાને કોઇ

**લઘુ નવલ**
-નિરંજન ઓઝા

ભાવનગર શહેરમાં અંગ્રેજોના સમયની જૂનામાં જૂની બાર્ટન લાયબ્રેરી નજીક આવેલ મણીયાર શેરીમાં યશવંતરાય વોરા તેમનાં પત્ની યામીનીબેન તેમજ પુત્રી નામે 'નયના' ઘણાં જ સમયથી રહે છે, યશવંતરાય શહેરની લોકક સ્કૂલમાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. અને ફક્ત બે વર્ષ નિવૃત્તિને બાકી રહ્યા છે. પુત્રી નયના અભ્યાસમાં સાધારણ છે તેથી પરીક્ષાના દિવસે પણ તેનું વાંચન ચાલું હોય છે. નયના એફ.વાય. પરીક્ષાની તૈયારી કરી રહી છે. બે દિવસ પછી એફ.વાય.ની પરીક્ષા શરૂ થવાની છે. પરીક્ષા આપવા માટે શહેરની પ્રતિષ્ઠિત શામળદાસ કોલેજમાં તેનો નંબર આવ્યો છે. પરીક્ષા ત્રણ દિવસ ચાલવાની છે. પોતાના રહેઠાણથી આવવા તથા જવા માટે રીક્ષાનો ઉપયોગ કરવાની હોવાથી, સેન્ટર ઉપર કોઇએ આવવાની જરૂરત રહેશે નહિ તેમ તેના માતા-પિતાને જણાવ્યું હતું. સેન્ટરે પહોંચ્યા પછી તેમજ જે રૂમમાં તેનો નંબર આવ્યો છે. ત્યાં ગયા પછી પણ નયનાનું વાંચવાનું ચાલું છે. ત્યારે તેની બાજુમાં ટી.વાયની પરીક્ષા આપતાં નિલેષનો નંબર આવ્યો હોય છે. તે નયનાને બેસ્ટ લક તેમજ હજુ સુધી વાંચી રહ્યા છો તેમ પુછતાં, નયના ગુસ્સામાંને ગુસ્સામાં મને ડીસ્ટર્બ કરો નહિ કારણ કે મારે હજું ઘણું જ વાંચવાનું બાકી છે, તેમ કહેતાં વાંચવાનું ચાલુ રાખે છે. નિલેષ ટી.વાય.ની પરીક્ષા આપી રહ્યો છે. તે ઘોઘા સર્કલ પાસે આવેલા 'પ્રણવ એપાર્ટમેન્ટ' માં તેના માતા ગવરીબેન તથા પિતા ગૌરીશંકર સાથે રહે છે. ગૌરીશંકર બે મહિના પહેલાં જ વેચાણવેરાની કચેરીમાંથી નિવૃત્ત થયા છે અને સારૂં એવું પેન્શન મેળવે છે.

બીજે દિવસે પણ પરીક્ષા શરૂ થતાં પહેલાં નિલેષ, નયનાને બેસ્ટ ઓફ લક તેમજ ગુડ મોર્નિંગ જેવા વિવેકી શબ્દોથી સ્વાગત કરે છે પરંતુ ત્યારે પણ નયના, પ્લીઝ મને ડીસ્ટર્બ કરો નહિ મને વાંચવા દો, કહી વાંચન ચાલુ રાખે છે. નિલેષ શાંતિથી સાંભલી લે છે. હવે પરીક્ષાના ત્રીજે દિવસે, નયના ખુશી સાથે પરીક્ષા આપવા આવે છે. આજે એક જ પેપર છે અને બપોર પછી પરીક્ષા પુરી થતાં, સખીઓ સાથે પિક્ચર તેમજ હોટેલમાં જવાનું નક્કી કરવામાં આવ્યું હોય છે. પરીક્ષા શરૂ થયાને બે કલાક જેવો સમય થયો હશે ત્યાં કોલેજમાં જાહેરાત થાય છે કે ગામમાં તોફાનો શરૂ થયાં છે અને તોફાનો વધે નહિ તેથી કર્ફ્યુ નાખી દેવામાં આવ્યો છે તેથી ગામમાં રહેતાં વિદ્યાર્થીઓએ ખૂબ જ જવામાં સાવચેતી રાખવી અને શક્ય હોય તો કંપનીમાં જ જવું. આ જાહેરાત પહેલાં નયનાએ પેપર લખવાનું પુરૂં કર્યું હોય છે તે દરમિયાન આવી સુચના આપતાં, ખૂબ જ ગભરાઇ ગઇ કારણ કે તે પોતે ગામમાં રહે છે. ગામ કેવી રીતે જવું અને કોની કંપની લેવી તે વાતે તેને વિચાર કરતાં કરી મુકી. આ વખતે તેની બાજુમાં પરીક્ષા આપતો નિલેષ યાદ આવે છે અને તેના શરણે જવાનું વિચારતાં નિલેષને પુછે છે કે ગામમાં તોફાન થયાના સમાચાર સાંભળ્યા. હું ગામમાં રહું છું, અને ત્યાં જવા કોઇની કંપની લઇને જવાની સુચના આપી છે તો તમે મને ઘરે મુકવા આવશો? નિલેષે પણ તોફાન થયાના સમાચાર જાણ્યાં. તેને પણ અચાનક નયનામાં આવેલ ફેરફારની નોંધ લીધી. નયના ગભરાઇ ગઇ છે અને ઘરે પહોંચવા માટે મદદની માગણી કરે છે. તેથી મારે તેને મદદ કરવી જોઇએ. નમ્રતાથી નિલેષ જણાવે છે કે તમે ગભરાવ નહિ, ગામમાં તોફાન છે તેમજ કર્ફ્યુ પણ છે તેથી ગામમાં જવાને બદલે તમે મારે ત્યાં આવો, મારે ઘરે મારાં માતા-પિતા છે તેથી કોઇ તકલીફ/મુશ્કેલી પડશે નહીં.

નયનાને આ પ્રસ્તાવ વ્યાજબી લાગે છે તેમજ બંનેએ પેપર લખવાનું પૂરૂં કર્યું હોવાથી તોફાનો વધે તે પહેલાં નિલેષ જયાં રહે છે ત્યાં પ્રણવ એપાર્ટમેન્ટમાં જવાનું યોગ્ય લાગે છે. ઘરે પહોંચ્યા પછી નિલેષ ડોરબેલ વગાડે છે. બારણું ખોલતાં જ નિલેષને એક છોકરી સાથે ઉભેલો જોતાં, ઘરમાં દાખલ થાય તે પહેલાં ગુસ્સામાં તું આ કોને લઇને આવ્યો છે? અમને જાણ પણ કરી નહીં? વિગેરે શબ્દોથી નવાજે છે. પિતાશ્રીને નિલેષ કંઇક કરીને આવ્યો હોય તેવો વહેમ પડે છે. દરમિયાનમાં નિલેષનાં માતૃશ્રી ગવરીબેન બહાર આવે છે. તેને પણ નિલેષને એક છોકરી સાથે જોતાં, આશ્ચર્ય થાય છે પરંતુ આગળ બોલે તે પહેલાં 'અંદર તો આવવા દો, પછી તમારે જે પૂછવું હોય તે પુછી લેજો. નિલેષને માતૃશ્રીનું સાંત્વન મળતાં, નિલેષ-નયના ઘરમાં પ્રવેશ કરે છે. ઘરમાં આવ્યાં પછી, નિલેષ નયના કોણ છે તથા મારી સાથે શા માટે આવી છે. તેની સ્પષ્ટતા કરે છે. આથી ગૌરીશંકરે ગુસ્સાનાં ને ગુસ્સામાં જે કહી નાખ્યું તેનો પસ્તાવો થાય છે. નયના પણ યોગ્ય સમાધાન થતાં, થોડીક શરમાઇ ગઇ હોય તેમ લાગે છે.'

હવે નયનાનો ચાર્જ તેના માતૃશ્રી ગવરીબેન લઇ લે છે, તેમનાં પ્રેમાળ વચનોથી નયના ખૂબ જ પ્રભાવિત થાય છે અને જણાવે છે કે તોફાન શાંત પડતાં, પોતાનાં ઘરે પહોંચી જઇશ. આમ નયના અજાણ્યા સ્થળે તેમજ અજાણ્યા લોકો વચ્ચે બે દિવસ પસાર કરે છે. નયનાના રોકાણ ઉપરથી ગવરીબેનને લાગે છે કે છોકરી કોઇ સંસ્કારી કુટુંબની છે. તોફાન શાંત થયાના સમાચાર મળતા નિલેષ તેના પિતાશ્રી તથા માતૃશ્રી નયનાને ઘરે મુકવા ગામમાં આવે છે. નયનાના માતૃશ્રી-પિતાશ્રી પણ છેલ્લાં બે દિવસથી નયનાની ચિંતામાં હતા, ત્યાં નયનાને નિલેષ, તેના માતૃશ્રી-પિતાશ્રીની સાથે આવતાં જોતાં, તેમનો આભાર માને છે. વાતચીતમાં જુની ઓળખાણ નીકળે છે કે નયનાના પિતાશ્રી તેમના નિલેષના પિતાશ્રી બંને એક જ સ્કૂલમાં અભ્યાસ કરતા હતા. નયના ના બે દિવસનાં રોકાણ ઉપરથી નિલેષના માતૃશ્રી ગવરીબેનને નયના માટે માન થાય છે અને તેમાં પાછી જુની ઓળખાણ તાજી થતાં, બંને પક્ષે આવવા-જવાનું વધી જાય છે. નયના શિક્ષિત તેમજ કામઠી લાગતાં, નિલેષ માટે વાતચીત કરવાનું આયોજન થાય છે, થોડા સમય પછી વેવિશાળ નક્કી કરવાનો દિવસ પણ નક્કી કરી લેવામાં આવે છે. આમ નિલેષ-નયના સર્વપ્રથમ વેવિશાળથી જોડાય છે. સમય પ્રમાણે બંનેનું મળવાનું વધી જાય છે. તેમાં એકાદ દિવસ આગળ વધવાનો પ્રસ્તાવ નિલેષ નયના સમક્ષ મુકે છે પરંતુ બધી જ વાત લગ્ન પછી એમ એ વાત ઉપર પૂર્ણવિરામ મુકવામાં આવે છે. જેનો સ્વીકાર નિલેષે કર્યા સિવાય રહેતો નથી. આમ દિવસો પસાર થાય છે. નિલેષ ટી.વાય.માં તેમજ નયના એફ.વાય.માં પાસ થાય છે. અને એક દિવસ વિઝા માટે મુંબઇ આપવાનો પત્ર નિલેષને મળે છે કારણ કે આગળ અભ્યાસ માટે અમેરિકા જવાની અરજી નિલેષે કરી હતી. વિઝા માન્ય થતાં, નિલેષ અમેરિકા જવાની તૈયારીમાં પડયો હોય છે. તેમા નયનાં પુરેપુરો સહકાર આપે છે. એકાદ બે મહિના પછી નયનાને પણ અમેરિકા બોલાવી લેવી અને લગ્ન માટે બંને એ ઇન્ડિયા આવવાનું નક્કી થાય છે. તે મુજબ આગળ અભ્યાસ માટે નિલેષ અમેરિકા તરફ પ્રણાય કરે છે. શરૂઆતમાં અઠવાડિયે ફોન આવતાં, તેમાં ધીમે ધીરે ઘટાડો થતાં, મહિને મહિને ફોન આવવા લાગ્યા. લગ્ન પહેલાં, સાસરાનો અનુભવ તથા પરિચય મેળવવા નયના સાસુ-સસરા સાથે રહેવા આવે છે. આ દરમિયાન ઘરથી થોડે દૂર માધવ કોમ્પલેક્ષમાં આવેલ આંગડિયાની ઓફીસમાં નયનાને સર્વિસ મળી જાય છે. જેનો નયના સ્વીકાર કરી લે છે અને સર્વિસમાં જોઇન થઇ જાય છે.

અચાનક એક દિવસ નિલેષનો ફોન આવે છે જે નયના લે છે પરંતુ બાપુજીને આપવાનું કહેતા, નયના બાપુજીને ફોન આપે છે. નિલેષ સમાચાર આપે છે કે ભાવનગર નજીકના શિહોરમાં રહેતા રમણલાલને અમેરિકામાં મોટો મોલ છે તેમાં એકાઉન્ટન્ટ તરીકે જોબ મળી ગયો છે અને મે જોઇન પણ કરી લીધી છે. હવે થોડા સમય પછી ફરીથી નિલેષનો ફોન આવે છે કે શેઠની દીકરી 'રીન્કી' સાથે મારા કોર્ટ મેરેજ છે. જે જાણ સારૂં આ ફોન નયનાએ લીધો હોય છે તેથી તેના ઉપર વજઘાત થાય છે અને બાજુની ખુરશીમાં ફસડાઇ પડે છે. નયનાને આવી રીતે ફસડાઇ પડતાં જોતા, નિલેષના માતૃશ્રી-પિતાશ્રી નયના પાસે આવે છે અને પુછે છે કે શું ફોન હતો? નયના ભગ્ય હૃદયે આવેલ સમાચારની જાણ કરે છે. આ સાંભળી બંને જણાં ગુસ્સે થાય છે. ત્યારબાદ નિલેષનો ફોન ઉપર સંપર્ક કરવાનો પ્રયત્ન કરે છે પરંતુ ફોન કઇ લેતું નથી. પોતાના પુત્રએ આ શું કર્યું? અમે લોકોને કયાં મોઢે આ વાત કરીશું તેનો બંને જણાં મનોમન વિચારી ગવરીબેન તો કંપી ઉઠે છે. આ બાજુ નયનાના પિતાશ્રીને જયારે નિલેષની વાતની જાણ થાય છે ત્યારે વિચારમાં ને વિચારમાં પક્ષઘાતનો એટેક આવે છે અને થોડા સમયમાં જ તેમનું અવસાન થાય છે. નયનાની જવાબદારી હવે નિલેષનાં માતા-પિતા ઉપર આવી જાય છે.

અમેરિકાથી પુત્રના કોઇ સમાચાર નથી તેથી તેમની દુ:ખની લાગણીમાં વધારો થતો જાય છે. રેતીની માફક સમય પસાર થતો જાય છે. નયના પણ આવી પડેલ કારમો ઘા સહન કરતાં ધીરે ધીરે મુક્ત થાય છે. તેની સાથે ઓફિસમાં કામ કરતાં 'મયંક'ના સંપર્કમાં આવવાથી હળવાશ અનુભવે છે. મયંક એક મધ્યમવર્ગમાંથી આવેલ માયાળુ, ઉદાર તથા કુટુંબમાં બીજું કોઇ નથી. નિલેષના માતા-પિતાને આ વાતની જાણ થતાં નયના માટે હવે તેઓએ જ પ્રયત્ન કરવા પડશે એ હેતુએ મયંકનાં માતા-પિતા સાથે મુલાકાત ગોઠવાય છે. નયના ઉપર વિતેલ આફતના વાંદળોની કહાની કહેવામાં આવે છે. નયનાને વહુ તરીકે લાવી શક્યા નહિ તેનો નિલેષના માતા-પિતાને વસવસો છે પરંતુ એક દીકરી તરીકે ઠેકાણે પાડ્યાનું ગૌરવ તેઓ અનુભવે છે. સમયાન્તરે મયંક-નયના લગ્નગ્રંથિએ જોડાય છે. હાલમાં ભાવનગરમાં હર્ષ અન ઉલ્લાસના વાતાવરણ સાથે બંને શેષ જીવન વ્યતીત કરી રહ્યા છે. જયારે બીજી તરફ નિલેષના કોઇ સમાચાર નથી તેથી તેના માતા-પિતા દુ:ખી છે.

# ABCD વગરનું અંગ્રેજી આવડે છે?!

**નિકીની નજરે**
- નિકી રાજુ

"નાના બચ્ચાને અંગ્રેજી શીખવાડવાના પહેલા પગથિયાં તરીકે મા-બાપ અને શિક્ષકો ABCD અંગ્રેજી મૂળાક્ષરોની શરૂઆત કરતા હોય છે. પણ ABCD એ બાળકો પર અત્યાચાર છે. નવી ભાષા શીખતી વખતે તેના અમુદ મૂળાક્ષરો તમને દસ વાર લખવા આપી દેવાય એટલે તમને એ ભાષા આવડી જાય?!"

ચિલ્ડ્રન યુનિવર્સિટીના નિયામક મહેન્દ્રભાઇ ચોટલિયા, જેઓ પ્રાથમિક શાળાનાં અંગ્રેજી ભાષાના પાઠ્યપુસ્તક લેખનના સલાહકાર છે. તેઓએ આ જણાવ્યું ત્યારે ચર્ચાનો માહોલ ગરમ થઇ ગયો હતો. આવી નિખાલસ અને સ્વસ્થ ચર્ચાઓ આપણે ત્યાં ખુબ ઓછી થાય છે.

ભાષા કોઇ પણ હોય, ગુજરાતી, અંગ્રેજી કે અન્ય કોઇ પણ કેમ ન હોય, ભાષા શ્રવણ (સાંભળવું), કથન (બોલવું), વાંચન અને લેખનના અનુક્રમમાં હોવી જરૂરી છે.

જેમ કે ગુજરાતી ભાષાની વાત લઇએ તો નાનુ બાળક જન્મથી જ ગુજરાતી સાંભળે છે અને બોલતા પણ આપમેળે શીખી જ લે છે. તેને ગુજરાતી ભાષા બોલતા શીખવવા આપણે કક્કો નથી શીખવતા અને ન તો તેને ગુજરાતી ભાષાના વ્યાકરણના નિયમો શીખવીએ છીએ. અને છતાંય બાળક ગુજરાતી ભાષા બોલતાં શીખી જાય છે. આ શીખવાની પ્રક્રિયામાં આસપાસનું વાતાવરણ અત્યંત મહત્ત્વનો ભાગ ભજવે છે. એ જુએ છે, સાંભળે છે અને આપમેળે જ બોલતાં શીખે છે અને બોલતાં આવડતું હોવાને લીધે જ તે વાંચન અને લેખન જલ્દી શીખે છે.

અંગ્રેજ ઝડપથી શીખી લેવાનાં લોભમાં ABCD અંગ્રેજી મૂળાક્ષરોની લખાણપટ્ટી, ગોખણપટ્ટી આપણે ત્યાં મોટા ભાગના મા-બાપો અને શિક્ષકો કરતાં હોય છે.

પરંતુ તેને બદલે બાળકોને અંગ્રેજી જોડકણાંઓ - રાઇમ્સ નાચતાં - ગાતા શીખવવામાં આવે, બાળકને ભલે ઓછું સમજાય કે બિલકુલ ન સમજાય છતાંય તેની સાથે એકાદ કલાક અંગ્રેજીમાં વાત કરવામાં આવે, અંગ્રેજી ફિલ્મ બતાવવા માટે તો તે ગુજરાતી જેટલી સરળતાથી અંગ્રેજી ભાષા પણ શીખી શકે.

ભાષા કોઇ પણ હોય, તેની શરૂઆત શ્રવમ, કથન અને વાંચન પગથિયાં ભૂલીને સીધા લેખનથી કરીએ તો પછડાઇ જવાનો ભય ઉત્પન્ન થતો જ હોય છે.

આથી નવી ભાષા શીખવા, શીખવવા, શ્રવણ, કથન, વાંચન, લેખનના ક્રમને અનુસરવું ન ભૂલવું જોઇએ. ઘણા માબાપ અને શિક્ષકોની ફરિયાદ હોય છે કે બાળકના અક્ષર જ આવે છે.

પરંતુ લેખનની શરૂઆત મૂળ ચિત્ર છે. બાળક પહેલીવાર પેન્સિલ હાથમાં પકડે ત્યારે તેને ચિત્ર દોરતાં શીખવો. થોડા મહિના ચિત્રો દોરવાની પ્રેક્ટિસ થશે એટલે આપોઆપ પેન-પેન્સિલ હાથમાં પકડવાની પકડ આવી જશે. ચિત્રકામનો અનુભવ અક્ષરોના વળાંકો આપવામાં કામ લાગશે. બાકી જરા વિચારો કે તમારે ચીનની ભાષી શીખવી છે અને કોઇ ચીનો તમને સીધા જ અટપટા વળાંકો વાળો ચીની કક્કો પચાસ વખત લખાવે, અજાણ્યા અક્ષરો તમે લખો અને તે લખાણમાં ભૂલ થાય ત્યારે ચીની ભાષામાં બરાડો પાડે ત્યારે તમને કેવું લાગે?! હવે સમજાય છે?! બાળક હોવું એ બહાદુરીનું કામ છે.